# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24/08/2025** **Morning : 7.10 to 7.20**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે અમદાવાદના નિકોલમાં જાહેર સભાને સંબોધશે.**
2. **કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સરદાર ધામ ખાતે નિર્મિત કન્યા છાત્રાલયનું આજે વર્ચ્યુઅલી લોકાર્પણ કરશે.**
3. **ગાઝામાં લોકોની સહાય માટે નાણા ઉઘરાવતી સિરિયન ગેંગનો પર્દાફાશ કરીને અમદાવાદમાં એકની ક્રાઇમ બ્રાંચે ધરપકડ કરી.**
4. **કચ્છના સરહદી વિસ્તારમાંથી 15 પાકિસ્તાનીઓ ઝડપાયા. માછીમારીની સામગ્રી જપ્ત.**
5. **છેલ્લા વીસ કલાકમાં રાજ્યના 229 તાલુકાઓમાં વરસાદ. સૌથી વધુ વલસાડના ધરમપુરમાં ધોધમાર ચાર ઇંચ વરસાદ.**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# RUSHIKESH PATEL-PM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી બે દિવસ રાજ્યના પ્રવાસે આવી રહ્યા છે. પ્રધાનમંત્રી આવતીકાલે અમદાવાદના નિકોલમાં સભાને સંબોધશે. આ દરમિયાન શ્રી મોદી અમદાવાદ અને ગાંધીનગરમાં શહેરી વિકાસને લગતા અંદાજે બે હજાર 548 કરોડ રૂપિયાની પરિયોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. શ્રી મોદી અમદાવાદને અંદાજે બે હજાર 267 કરોડ રૂપિયાની પરિયોજનાની ભેટ આપશે. આ પરિયોજના હેઠળ અંદાજે એક હજાર 624 કરોડ રૂપિયાના ખર્ચે સરદાર પટેલ રિંગ રોડ છ માર્ગીય બનાવાશે. જ્યારે દક્ષિણ–પશ્ચિમ ઝૉનમાં નાનું રમતગમત સંકુલ બનાવાશે.

શ્રી મોદી ગાંધીનગરમાં શહેરી વિકાસના કુલ **281** કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. ઉપરાંત ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ **G.U.D.A.** દ્વારા **38** કરોડ રૂપિયાના વિકાસકાર્યોનો સમાવેશ થાય છે.

પ્રધાનમંત્રીના બે દિવસના પ્રવાસ અંગે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે વધુ માહિતી આપી.

**(BYTE: RUSHIKESH PATEL, HEALTH MINISTER)**

# AMIT SHAH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે અમદાવાદના સરદાર ધામમાં નિર્મિત કન્યા છાત્રાલયનું લોકાર્પણ કરશે. અમદાવાદમાં વૈષ્ણવદેવી સ્થિતિ સરદાર ધામ ખાતે ત્રણ હજાર કન્યાઓ માટે આ છાત્રાલયનું નિર્માણ કરવામાં આવ્યું છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ વર્ચ્યુઅલી આ હોસ્ટેલનું લોકાર્પણ કરશે. આ કાર્યક્રમ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં યોજાશે.

# SIRIYAN GANG

અમદાવાદ ક્રાઈમ બ્રાંચે પ્રધાનમંત્રીની જાહેર સભા પહેલા ગાઝાના પીડિત નાગરિકના નામે મસ્જિદોમાંથી પૈસા ઉઘરાવતી સિરિયન ગેંગનો પર્દાફાશ કર્યો છે. આ કાર્યવાહી દરમિયાન અમદાવાદના એલિસબ્રીજ વિસ્તારની એક હોટલમાંથી 23 વર્ષીય અલી મેઘાત અલઝહેર નામના એક સિરિયન નાગરિકની ધરપકડ કરી હતી. અલી પાસેથી અમેરિકન ડોલર અને 25 હજાર રોકડ જપ્ત કરવામાં આવી હતી.

શંકાસ્પદ લોકોના શરીર પર ઈજાના નિશાન પણ મળ્યાં હોવાનું ક્રાઇમ બ્રાંચ દ્વારા જણાવાયું હતું. અલી સહિત કુલ છ લોકો દમાસ્કસથી અબુ ધાબી, ત્યાંથી 22 જુલાઈએ કલકત્તા અને ત્યાંથી પહેલી ઓગસ્ટએ અમદાવાદ ટુરિસ્ટ વિઝા પર ભારતમાં આવ્યા હતા. આ સિરિયન ટુકડી અમદાવાદની મસ્જિદોમાંથી સીરિયામાં ભૂખમરીની હાલત બતાવીને ફંડ ઉઘરાવતી હતી.

આ બધા શખ્સો માત્ર અરબી ભાષામાં જ વાત કરતા હતા. ક્રાઈમ બ્રાંચે શહેરમાં આવેલી બધી મસ્જિદોમાં તપાસ હાથ ધરી છે. તેના મોબાઇલમાં પેલેસ્ટાઈનની સ્થિતિના વીડિયો પણ મળી આવ્યા હતા.

શંકાસ્પદ બે વ્યક્તિઓને પકડવાની કામગીરી શરૂ કરવામાં આવી છે, જ્યારે અન્ય બે શખ્સો હજુ ફરાર છે. ફંડ ઓનલાઇન અને રોકડ સ્વરૂપે લેવામાં આવતું હોવાનું પણ બહાર આવ્યું છે.

## NAVSARI VANDE BHARAT PATIL

વંદે ભારત ટ્રેનને નવસારીનું સ્ટોપેજ મળતા ગઇકાલે સાંજે વંદે ભારત ટ્રેનને આવકારવા માટે લોકો ઉમટી પડ્યા હતા. નવસારીના સાંસદ અને કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલે લીલી ઝંડી દેખાડી વંદે ભારત ટ્રેનને નવસારીથી રવાના કરી હતી.

આ ટ્રેનની સુવિધા મળતાં લોકો નવસારીથી ત્રણ કલાકમાં જ અમદાવાદ કે મુંબઈ પહોંચી જશે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

....................................

## KUTCH

કચ્છના સરહદી વિસ્તારમાંથી ૧૫ પાકિસ્તાનીઓ ઝડપાયા છે. સરહદી ક્રીક વિસ્તારમાં સીમા સુરક્ષા દળે સફળ ઓપરેશન હાથ ધરીને ૧૫ પાકિસ્તાનીને માછીમારી બોટ સાથે ઝડપી પાડ્યા હતા બોટમાંથી માછીમારી માટેની જાળ,બરફ અને માછલીનો જથ્થો મળી આવ્યો હતો તે સિવાય કોઈ શંકાસ્પદ વસ્તુ મળી નથી: મોડી રાત્રે આ તમામને કોટેશ્વર લાવી સઘન પૂછપરછ હાથ ધરવામાં આવી હતી.

કચ્છના દરિયા કાંઠે કન્ટેનર તેમજ માદક પદાર્થ મળી રહ્યા છે તે વચ્ચે પાકિસ્તાન સખશો ઝડપતા સુરક્ષા તંત્રો સતર્ક બન્યા છે સલામતી એજન્સીઓની સતર્કતાના કારણે આ પંદર પાકિસ્તાની માછીમારોને ઝડપી પાડવામાં આવ્યા હતા.

## WEATHER

ગુજરાતમાં આગામી પાંચ દિવસ ભારેથી અતિભારે વરસાદ પડવાની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે. ખાસ કરીને સૌરાષ્ટ્રમાં જુનાગઢ, તેમજ સાબરકાંઠા સહિત આઠ જિલ્લાઓમાં ભારે વરસાદ થવાની આગાહી છે.

આ સંભવિત ખતરાને ધ્યાનમાં રાખીને તમામ બંદરો પર ત્રણ નંબરનું સિગ્નલ લગાવી દેવામાં આવ્યું છે.

અરબી સમુદ્રમાં ઉદભવેલા ભારે કરંટના કારણે ગીર સોમનાથના વેરાવળ બંદર પર ત્રણ નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે. માછીમારોને દરિયો ન ખેડવા માટે સૂચના આપવામાં આવી છે.

વધુ માહિતી આપે છે હવામાન અધિકારી રામાશ્રય યાદવ....

**(BYTE- હવામાન અધિકારી રામાશ્રય યાદવ)**

## WAITLIFING

અમદાવાદના નારણપુરા ખાતેના વીર સાવરકર સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સ ખાતે કોમનવેલ્થ વેઇટ લિફ્ટિંગ ચેમ્પિયનશિપનો આજે ઉદ્ઘાટન સમારોહ યોજાશે. કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાના હસ્તે આ સ્પર્ધાનું ઉદઘાટન થશે.

25થી 31 ઓગસ્ટ દરમિયાન યોજાનારી વિવધ સ્પર્ધાઓમાં 30 કોમનવેલ્થ દેશોના 291 એથલિટ્સ ભાગ લેશે.આ સ્પર્ધા ગ્લાસગો ખાતે યોજાનાર કોમનવેલ્થ ગેમ્સ 2026ની ક્વોલિફાયર ઇવેન્ટ પણ હશે. આ પ્રસંગે રાજ્યના રમતગમત રાજ્ય મંત્રી હર્ષ સંઘવી અને આંતર રાષ્ટ્રીય વેઇટ લિફ્ટીંગના અધ્યક્ષ મહમદ હસન જાલૂદ પણ ઉપસ્થિત રહેશે.

## TARNETAR MELO

સૌરાષ્ટ્રની રંગબેરંગી અને સમૃદ્ધ સંસ્કૃતિનું પ્રતીક વિશ્વવિખ્યાત તરણેતર લોકમેળાનો મેળો 26 થી 29 ઓગસ્ટ 2025 દરમ્યાન યોજાશે.

તરણેતર મેળામાં પહોંચવા અને પરત ફરવા માટે સહેલાણીઓને કોઈ પણ પ્રકારની અગવડ ન પડે તે માટે એસટી વિભાગ દ્વારા વ્યાપક આયોજન કરવામાં આવ્યું છે. આ અંગે માહિતી આપતાં રાજકોટ વિભાગીય નિયામક જે.વી.કલોતરાએ જણાવ્યું હતું કે તરણેતર મેળામાં પહોંચવા માટે રાજકોટ, મોરબી, સુરેન્દ્રનગર, થાન, ચોટીલા, ધ્રાંગધ્રાથી એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવશે.

**(બાઇટ – જે વી કલોતરા)**

શ્રી કલોતરા વધુમાં ઉમેર્યું કે, રાજકોટથી તરણેતર સુધી એક મુસાફર દીઠ ભાડું 140 રૂપિયા જ્યારે ચોટીલાથી તરણેતર રૂટ પરનું ભાડું 75 રૂપિયા રહેશે.

## BRAHMAKUMARI

બ્રહ્માકુમારીઝ ધાર્મિક સંસ્થા દ્વારા અમદાવાદમાં 21 સ્થળ સહિત રાજ્યભરમાં બે દિવસીય રક્તદાન શિબિરનું આયોજન કરાયું છે. સંસ્થા દ્વારા આ બે દિવસ ભારત અને નેપાળમાં વિશાળ રક્તદાન કૅમ્પનું આયોજન કરાયું છે.

બ્રહ્માકુમારીઝ સંસ્થાનાં ભૂતપૂર્વ મુખ્ય પ્રશાસિકા રાજયોગિની દાદી પ્રકાશમણિજીની 18મી પુણ્યતિથિ વિશ્વ બંધુત્વ દિવસ નિમિત્તે રાષ્ટ્રીય સ્તરના 'રક્તદાન મહાદાન અભિયાન'નું આયોજન કરાયું છે. આ અંગે બ્રહ્માકુમારીઝ ડૉક્ટર નંદિનીબેને વધુ માહિતી આપી.

**(બાઈટ- બ્રહ્માકુમારીઝ ડૉક્ટર નંદિનીબેન)**

# PATAN SPACE DAY

પાટણ રિજિયોનલ સાયન્સ સેન્ટર ખાતે ગુજકોસ્ટ, ગાંધીનગરના સહયોગથી તથા ઈસરોના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રીય અંતરિક્ષ દિવસની ભવ્ય ઉજવણી કરવામા આવી. જેમાં પાટણ, ગાંધીનગર અને બનાસકાંઠા જિલ્લાની શાળાઓમાંથી 500થી વધુ વિદ્યાર્થીઓ અને શિક્ષકો સહિત કુલ 600થી વધુ સહભાગીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

સ્પેસ એપ્લિકેશન સેન્ટર – ઈસરોના વરિષ્ઠ વૈજ્ઞાનિકો કંદર્પ પંડ્યા અને અર્ચના ભટ્ટ એ ભારતીય અવકાશ વિજ્ઞાનના ઇતિહાસ, વર્તમાન સિદ્ધિઓ અને ભવિષ્યના દિશા વિશે વિગતવાર માર્ગદર્શન આપ્યું તેમજ વિદ્યાર્થીઓ અવકાશ વિજ્ઞાન અને ઈસરોમાં કેવી રીતે પોતાનું કરિયર બનાવી શકે તે અંગે માહિતી આપી હતી.

..........................................................................................................